# 16. अजेयः स भविष्यति

[ચાણક્ય વિરચિત મુખ્યત્વે રાજનીતિનો ઉપદેશ આપનારા 'નીતિસાર' નામના ગ્રંથમાંથી પ્રસ્તુત શ્લોકો લીધા છે. રાજનીતિને પરિવાર અને સમાજથી અલગ પાડીને જોવી, તે ચાણક્યને સ્વીકાર્ય ન હતું, તેથી તેઓ રાજનીતિના ઉપદેશની સાથે માનવ-જીવનના દરેક ક્ષેત્રને આવરી લે તેવા ઉપદેશો આપતા રહ્યા છે.

ચાણક્યની એ વાત પણ હમેશાં યાદ રાખવા જેવી છે કે માણસ જો સતર્ક બનીને વિચારપૂર્ણ રીતે દુનિયાને જોતાં શીખી જાય, તો દુનિયાની બધી જ વસ્તુઓ અને ઘટનાઓ તેને વ્યવહારોચિત અને સુખી થવા માટેનાં કર્મોનો ઉપદેશ આપતી રહે છે જેને અનુસરીને માણસ પોતાના જીવનને ઉત્તમ બનાવી શકે છે.

આપણી આસપાસ વિચરતાં વિવિધ પ્રાણીઓને ભલે આપણે સારા અને ખરાબની શ્રેણીમાં વિભાજિત કરતા હોઈએ, પણ ચાણક્ય જેવા વિદ્વાનો તેમની પાસેથી સતત કંઈક ને કંઈક શીખતા રહે છે. આવા જ એક પ્રસંગમાં સિંહ અને બગલામાંથી એક, કૂતરા પાસેથી છ, ગધેડા પાસેથી ત્રણ, કાગડા પાસેથી પાંચ અને કૂકડા પાસેથી ચાર ગુણો શીખવા માટેની પ્રેરણા આપતાં નિમ્નલિખિત પદ્યો ચાણક્યે રચ્યાં છે.

મનુષ્યે પોતાના વ્યક્તિત્વના વિકાસ માટે અને જીવન સફળ બનાવવા માટે આ તમામ વીસ ગુણોને જાણી લેવા જોઈએ અને તેમને વ્યવહારમાં આચરવા જોઈએ. પ્રાણીઓની ઉપેક્ષા કરવાને બદલે તેમની પાસેથી પણ માર્ગદર્શન મેળવવું જોઈએ, એ પણ આ પાઠથી સમજી શકાશે.]

सिंहादेकं बकादेकं षट् शुनः त्रीणि गर्दभात् ।
वायसात्पञ्च शिक्षेच्च चत्वारि कुक्कुटादपि ॥ 1 ॥

प्रभूतमल्पकार्यं वा यो नरः कर्तुमिच्छति ।
सर्वारम्भेन तत्कुर्यात् सिंहादेकं प्रकीर्तितम् ॥ 2 ॥

सर्वेन्द्रियाणि संयम्य बकवत् पतितो जनः ।
कालदेशोपपन्नानि सर्वकार्याणि साधयेत् ॥ 3 ॥

प्राप्ताशी स्वल्पसंतुष्टः सुनिद्रः शीघ्रचेतनः ।
प्रभुभक्तश्च शूरश्च ज्ञातव्याः श्वगुणा हि षट् ॥ 4 ॥

अविश्रामं वहेद् भारं शीतोष्णं च न विन्दति ।
ससन्तोषस्तथा नित्यं त्रीणि शिक्षेत गर्दभात् ॥ 5 ॥

गूढगार्हस्थ्यचातुर्यं काले चालयसंग्रहम् ।
अप्रमादमनालस्यं पञ्च शिक्षेत वायसात् ॥ 6 ॥

युद्धं च प्रातरुत्थानं भोजनं सह बन्धुभिः ।
स्त्रियमापद्गतां रक्षेत् चतुः शिक्षेत कुक्कुटात् ॥ 7 ॥

य एतान् विंशतिगुणान् आचरिष्यति मानवः ।
कार्यावस्थासु सर्वासु अजेयः स भविष्यति ॥ 8 ॥

## ટિપ્પણી

**નામ (પુંલ્લિંગ) : गर्दभः** ગધેડો **वायसः** કાગડો **कुक्कुटः** કૂકડો **बन्धुः** સ્વજન

**સર્વનામ : एतान्** આને (પું. બ.વ.) **सर्वासु** બધામાં (સ્ત્રી. બ.વ.)

**વિશેષણ : सुनिद्रः** સારી રીતે ઊંઘનાર **शीघ्रचेतनः** તરત જાગી જનાર

**અવ્યય : प्रभूतम्** ઘણું **बकवत्** બગલાની જેમ

**સમાસ :** कालदेशोपपन्नानि (कालः च देशः च इति कालदेशौ, इतरेतर द्वन्द्वः । कालदेशाभ्याम् उपपन्नानि कालदेशोपपन्नानि । तृतीया तत्पुरुष) । स्वल्पसंतुष्टः (स्वल्पेन संतुष्टः स्वल्पसंतुष्टः । तृतीया तत्पुरुष) । प्रभुभक्तः (प्रभोः भक्तः प्रभुभक्तः । षष्ठी तत्पुरुष) । शीतोष्णम् (शीतम् च उष्णम् च शीतोष्णम् । समाहार द्वन्द्व) । आलयसंग्रहम् (आलयस्य संग्रहः आलयसंग्रहः, तम् । षष्ठी तत्पुरुष) । कार्यावस्थासु (कार्याणाम् अवस्था कार्यावस्था, तासु । षष्ठी तत्पुरुष)

**કૃદન્ત પદ : कर्तुम् ( कृ + तुम् )** । **संयम्य ( सम् + यम् + त्वा > य )** ।

**ક્રિયાપદ : ષષ્ઠ ગણ** (પરસ્મૈપદ) **: विद् ( विन्दति )** પ્રાપ્ત કરવું, મેળવવું

## વિશેષ

**(1) શબ્દાર્થ : सिंहादेकम्** સિંહ પાસેથી એક **बकादेकम्** બગલા પાસેથી એક **शुनः** કૂતરા પાસેથી **कुक्कुटादपि** કૂકડા પાસેથી પણ **प्रकीर्तितम्** કહેવાયું છે. **कुर्यात्** કરવું જોઈએ. **कालदेशोपपन्नानि** દેશ અને કાળના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા **साधयेत्** સિદ્ધ કરવા જોઈએ. **प्राप्ताशी** મળેલું ખાનાર **श्वगुणाः** કૂતરાના ગુણો **ज्ञातव्याः** જાણવા જોઈએ. **अप्रमादम्** આળસ વગરનું **स्त्रियमापद्गताम्** મુશ્કેલીમાં મુકાયેલી સ્ત્રીને

**(2) સંધિ :** सिंहादेकम् (सिंहात् एकम्) । बकादेकम् (बकात् एकम्) । कुक्कुटादपि (कुक्कुटात् अपि) । शूरश्च (शूरः च) । स्त्रियमापद्गताम् (स्त्रियम् आपद्गताम्) ।

## સ્વાધ્યાય

**1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत ।**

(1) सिंहात् कति लक्षणानि शिक्षेत ? ◯

(क) एकं लक्षणम् (ख) द्वे लक्षणे (ग) त्रीणि लक्षणानि (घ) बहुलक्षणानि

(2) प्रभूतम् शब्दस्य विरुद्धार्थकः कः शब्दः । ◯

(क) शीतम् (ख) अल्पम् (ग) उष्णम् (घ) विभूतम्

(3) गर्दभः अविश्रामं किं वहति ? ◯

(क) गुणम् (ख) भारम् (ग) भागम् (घ) अन्नम्

(4) काकशब्दस्य कः पर्यायः ? ◯

(क) रासभः (ख) कोकिलः (ग) वायसः (घ) केसरी

**2. उदाहरणानुसारं शब्दरूपाणां परिचयं कारयत ।**

| | | शब्दरूपम् | मूलशब्दः | प्रकारः | लिङ्गम् | विभक्तिः | वचनम् |
|---|---|---|---|---|---|---|---|
| उदा. | सिंहात् | सिंह | अकारान्तः | पुल्लिङ्गम् | पञ्चमी | एकवचनम् | |
| (1) | नरः | .......... | .......... | .......... | .......... | .......... | .......... |
| (2) | कार्याणि | .......... | .......... | .......... | .......... | .......... | .......... |
| (3) | बन्धुभिः | .......... | .......... | .......... | .......... | .......... | .......... |
| (4) | भारम् | .......... | .......... | .......... | .......... | .......... | .......... |

**3. गुर्जरभाषया उत्तराणि लिखत ।**

(1) મનુષ્યે બગલા અને કાગડા પાસેથી શું શીખવું જોઈએ ?

(2) ગધેડામાં કયા ગુણો છે ?

(3) કોઈ પણ પરિસ્થિતિમાં અજેય બનવા માટે મનુષ્યે શું કરવું જોઈએ ?

**4. श्लोकपूर्तिं कुरुत ।**

(1) प्रभूतमल्पकार्यम् .............. प्रकीर्तितम् ।।

(2) प्राप्ताशी .............. शुनो गुणाः ।।

**5. अनुवादं कृत्वा अर्थविस्तारं कुरुत, तस्य बोधं च लिखत ।**

(1) सर्वेन्द्रियाणि संयम्य बकवत् पतितो जनः ।
कालदेशोपपन्नानि सर्वकार्याणि साधयेत् ॥

(2) अविश्रामं वहेद् भारं शीतोष्णं च न विन्दति ।
ससन्तोषस्तथा नित्यं त्रीणि शिक्षेत गर्दभात् ॥

(3) युद्धं च प्रातरुत्थानं भोजनं सह बन्धुभिः ।
स्त्रियमापद्गतां रक्षेत् चतुः शिक्षेत कुक्कुटात् ॥

### પ્રવૃત્તિઓ

- પશુ-પક્ષીઓનાં સંસ્કૃત નામોની યાદી તૈયાર કરો.
- તમને મનગમતાં પશુ-પક્ષીનું અવલોકન કરી તેની લાક્ષણિકતાઓ નોંધો.
- શહેરમાં કે અન્યત્ર આવેલા પ્રાણીસંગ્રહાલયની મુલાકાત લો.
- વિવિધ પ્રાણીઓ તથા પક્ષીઓનાં ચિત્રોનો સંગ્રહ તૈયાર કરો.